# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 16 સપ્ટેમ્બરનાં રોજ સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે તેઓ, ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઇન્વેસ્ટ)નું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી બપોરે 1 વાગીને 45 મિનિટે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન 1 મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રી રોકાણ કરીને 17 તારીખે સવારે ઓડિશા જવા રવાના થશે.

-------------------

# Kachch – water harvesting program – C.R.PATIL

**કચ્છના સુમરાસર ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જળસંચય કાર્યક્રમ અંતર્ગત રિચાર્જ બોરની મુલાકાત લઇને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.**

આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ તેમની સંસ્થા સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા જનભાગીદારીથી જિલ્લાભરમાં બનાવાતા જળ રિચાર્જ બોરની કામગીરી અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે જળશક્તિ મંત્રીએ કચ્છમાં જળસંચય કાર્યક્રમ અંતર્ગત ભૂગર્ભજળ ઉંચા લાવવા માટે કરાતા સહિયારા પ્રયાસોને બિરદાવ્યા હતા.

-------------------

## JUNAGADH MLA LETTER

જુનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયાએ મહાનગરપાલિકાના કમિશનરને એક પત્ર દ્વારા શહેરીજનોની સમસ્યાઓને દૂર કરવા રજૂઆત કરી છે. આ પત્રમાં શહેરમાં વધી રહેલા ગેરકાયદે દબાણો તેમજ તેને લીધે ઉદભવતી ટ્રાફિકની સમસ્યોઓનો ઉલ્લેખ કરી આ વિષય પર યોગ્ય કાર્યવાહી કરવા ધારાસભ્યએ જણાવ્યું.. આ ઉપરાંત, શ્રી કોરડિયાએ ખરાબ રોડ રસ્તાને ફરીથી બનાવવા અને કેટલાક વિસ્તારમાં આવતા ડહોળા પાણી સહિતની સમસ્યાને દૂર કરવા પણ જણાવ્યું હતું.

-------------------

# MEHSANA – JIRU AAVAK

ઊંઝા ગંજ બજારમાં દૈનિક જીરાના પાકની આવક થઈ રહી છે.

જીરાના ભાવમાં સુપર ભાવ રૂપિયા 4 હજાર 700 થી 4 હજાર 750 તેમજ બેસ્ટ ભાવમાં રૂપિયા 4 હજાર 600 થી 4 હજાર 700 ના ભાવ રહ્યા હતા. વરિયાળીની આવક પણ સારી થઈ રહી છે. જેનો ભાવ રૂપિયા 1300 થી 1450 નો રહ્યો હતો. ઇસબગુલની આવક પણ 4 હજાર બોરીની થઈ હતી. જેનો ભાવ રૂપિયા 2400 થી 2500 રહ્યો. અજમાનો 2800 થી 3000 રૂપિયા નો ભાવ રહ્યો હતો. તો તલનો ભાવ 2700 થી 2750 રૂપિયા રહ્યો હતો.

. . . . . . . . . . . . .

## KHEDA DSP MESSAGE

ખેડામાં ગણેશ વિસર્જન અને ઈદે મિલાદના તહેવાર શાંતિપૂર્ણ રીતે મનાવાય તે માટે પોલીસ તંત્ર દ્વારા પુરતો બંદોબસ્ત કરાયો હોવાનું જીલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ગણેશ વિસર્જન દરમિયાન લોકો સાવચેત રહે અને ગણેશની મૂર્તિ પધરાવવા ઉંડા પાણીમાં ન જાય. જીલ્લા પોલીસ વડાએ કહ્યું હતું કે નદી કિનારે પોલીસ, ફાયર વિભાગ અને સ્વંયસેવકો પણ રહેશે જેમની મદદથી પણ ગણેશની મૂર્તિનું વિસર્જન કરી શકાશે.

(બાઇટ- રાજેશ ગઢિયા, જીલ્લા પોલીસ વડા , ખેડા)

-------------------

## NARMADA DAM - PANI NI AAVAK

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદાડેમની સપાટીમાં પુનઃ  વધારો થયો છે.

મધ્ય પ્રદેશના ઉપરવાસમાંથી પાણીની આવક વધતાં ડેમની સપાટી વધવા પામી છે.

હાલ નર્મદા ડેમની સપાટી 136.25 મીટરે પહોંચી છે ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર હોઈ ડેમ હવે એની મહત્તમ સપાટીમાં માત્ર 2.43 મીટર બાકી રહ્યો છે.

નર્મદા ડેમના 2.50 મીટર 15 દરવાજા ખોલાયા છે. જેને કારણે નર્મદા બે કાંઠે વહી રહી છે. વડોદરા ભરૂચ અને નર્મદાના 42 ગામોને એલર્ટ કરાયા છે. નર્મદા ડેમ આવતી કાલ સુધી છલોછલ ભરાવાની શકયતાછે. તંત્ર સજ્જ બન્યું છે.

-------------------

# STATUE OF UNITY

વિશ્વભરના પ્રવાસીઓ માટે આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસ માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યુ છે, ત્યારે રવિવાર અને સોમવાર એમ બે દિવસ રજા આવે છે. આ બે દિવસની રજા દરમિયાન પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે ફરી શકે તે માટે સોમવારે સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખુલ્લુ રાખવાનો નિર્ણય કરાયો છે.. સામાન્ય રીતે સોમવારે અહીં રજા હોય છે..

અગાઉ પણ આવા તહેવારોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખુલ્લા રાખવાના નિર્ણયને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

--------------------------

## SCHOOL LEVEL ARCHARY

અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધાઓ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે.

સાણંદ ખાતે આવેલી લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ ખાતે અમદાવાદ શહેર અને ગ્રામ્ય જિલ્લા કક્ષા આર્ચરી સ્પર્ધા યોજાઇ હતી. જેમાં કુલ 40 થી વધુ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

----------

# DANG DIVYANG SAHAY

ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને એલીમકો, ઉજ્જૈનના સહયોગથી એડીપ યોજના અંતર્ગત, જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર એમ ત્રણ તાલુકામાં દિવ્યાંગ લાભાર્થીઓને રાઇઝ ટ્રાઇસિકલ, ટ્રાઇસિકલ, કૃત્રિમ હાથ પગ, સ્માર્ટ કેન, મોબાઇલ, સી.પી.ચેર, વ્હિલ ચેર જેવા સાધન સહાયનું વિતરણ કરાશે..

સાધન સહાયની આ પ્રક્રિયા વિશેષ આકલન અને તપાસના કેમ્પનું અગાઉ આયોજન કરવામા આવ્યું હતું. જેમાં કુલ ૫૬૩ લાભાર્થીઓનુ રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જે પૈકી પાત્રતા ધરાવતા ૨૭૮ દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કરવામાં આવનાર છે.

-------------------